+

ફાઈલનું નામ - BA00S003 . GCO
પુસ્તકનું નામ - નાણું અને બેંકિંગ
લેખક - જી . પી . મલમપટ્ટાવાળા
પ્રથમ આવૃત્તિ : - ૧૯૮૨
પ્રકાશક - ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદ - ૯
મળવાનું ઠેકાણું - D . O . E .
વિભાગ - COMMERCE
ઉપવિભાગ - BANKING
કિંમત - રૂ . ૮ . ૦૦
શબ્દ -

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

## નાણાં અને બેન્કિંગ

### ૨ . નાણાંનો પુરવઠો અને બેંકિંગ વ્યવસ્થા

પાન નં ૧૨

૧ . નાણાંપુરવઠાના સિદ્ધાંતની જરૂરિયાત :

નાણાની માગણી સરખામણીમાં નાણાંના પુરવઠાનો સિદ્ધાંત તૈયાર કરવા પાછળ અર્થશાસ્ત્રીઓએ ઓછું ધ્યાન આપ્યું છે અને ઓછો સમય ખર્ચ્યો છે . ભૂતકાળમાં અનેક દેશોમાં લાંબા સમય સુધી સુવર્ણધોરણ પ્રચલિત હતું . સુવર્ણ ધોરણ હેઠળ નાણાંપુરવઠાને અસર કરતાં પરિબળોનું વિશ્લેષણ અગત્યનું ગણાય નહિ .

પરંતુ જ્યારે વેપારીબેંકોની ચાલુ થાપણોનો નાણાં તરીકે ઉપયોગ થયો , વેપારી બેંકોમાં અંશત: રોકડ અનામત પદ્ધતિ અમલમાં આવી અને વેપારીબેંકોના નિયંત્રણ માટે મધ્યસ્થ બેંકની સ્થાપના થઈ ત્યારે નાણાંના પુરવઠામાં પેરફાર લાવતાં પરિબળની વ્યવસ્થિત સમજૂતીની જરૂરિયાતો ઊભી થઈ અને નાણાં - પુરવઠાનો સિદ્ધાંત રચવાની દિશામાં પ્રયાસો થયા . નાણાંપુરવઠાના આધુનિક સિદ્ધાંતમાં તમામ નિર્ણાયક પરિબળોનું ચોક્કસ સમીકરણ દ્વારા નિરપૂણ કરવામાં આવે છે . નાણાં પુરવઠો નક્કી કરવામાં વેપારી બેંકો , મધ્યસ્થ બેંક , સરકાર અને લોકો શો ભાગ ભજવે છે એની એમાં સ્પષ્ટતા કરવામાં આવી છે .

૨ . વેપારીબેંકોના દેણાંનું મુદ્રીકરણ :

ધીરધાર કરતી અન્ય સંસ્થાઓથી વેપારી બેંકો એક મહત્ત્વની બાબતમાં અલગ પડી જાય છે . તેમનાં દેણાંનો કેટલોક ભાગ ( અર્થાત ચાલુ થાપણો ) વિનિમય માધ્યમ વર્ગ તરીકે કાર્ય કરે છે . આથી વેપારીબેંકો લોન આપીને કે જામીનગીરી જેવી અસ્કામતો ખરીદીને પોતાનાં દેણાં વધારે ત્યારે નાણાંના પુરવઠામાં વદારો થાય છે . દા . ત . , ક્ષ વ્યક્તિ ય વ્યક્તિ પાસેથી પ્રોમેસરી નોટના આધારે ૯૦૦ રૂ . ની લોન લે તો અર્થતંત્રમાં નાણાનો કુલ પુરવઠો યથાવત રહે છે . કારણ કે આ લોનને પરિણામે ક્ષ પાસે ૯૦૦ રૂ . આવે છે અને ય પાસે પ્રોમેસરી નોટ આવે છે , જે નાણું નથી . હવે ધારો કે ય વ્યક્તિ પાસે ૧૦૦૦ રૂ . વેપારી બેંકમાં ચાલુ થાપણ સ્વરૂપમાં મૂકે છે . થાપણદારો



ગમે ત્યારે પોતાની થાપણ સ્વરૂપમાં ઉપાડી શકે છે . તચેથી તેમની માગણી સંતોષવા માટે વેપારીબેંકોએ ચલનીનાણાંના સ્વરૂપમાં અનામત રાખવી પડે છે . જે રોકડ અનામત કહેવાય છે . પણ બધા થાપણદારો એક સાથે ઉપાડ કરતા નથી . ઉપરાંત એક તરફ જૂના થાપણ દારોમાંથી કેટલાક નાણું ઉપાડે છે તો બીજી તરફ એ જ સમયેકેટલીક વ્યક્તિઓ બેંકમાં નાણું મૂકવા આવે છે . આથી વેપારીબેંકો કુલ થાપણનો અમુક ભાગ રોકડ અનામત તરીકે રાખે છે અને વ્યાજ કમાવવાના હેતુથી બાકીના ભાગનું ધીરાણ કરે છે કે એના વડે અકસ્માતોની ખરીદી કરે છે . ધારો કે વેપારીબેંક ય વ્યક્તિની ૧૦૦૦ રૂ . ની ચાલુ થાપણમાંતી ૧૦૦ રૂ અનામત રાખે છે અને ક્ષ વ્યક્તિને ૯૦૦ રૂ . ની લોન આપે છે . હવે ય વ્યક્તિ પાસે ચાલુ થાપણના સ્વરૂપમાં ૧૦૦૦ રૂ . છે અને ક્ષ વ્યક્તિ પાસે ચલણીનાણાંના સ્વરૂપમાં ૯૦૦ રૂ . છે . આમ , નાણાંના પુરવઠામાં ૯૦૦ રૂ . નો વધારો થાય છે .

૩ . કોઈ એક વેપારી બેંક દ્વારા બેકથાપણોનું સર્જન :

વાસ્તવમાં કોઈ એક વેપારીબેંકમાં ૧૦૦૦ રૂ . નવી થાપણ આવે ત્યારે નાણાપુરવઠામાં અનેક ગણો વધારો થાય છે . એનાં બે કારણો છે : પ્રથમ , થાપણોનો અમુક જ ભાગ રોકડ અનામત સ્વરૂપમાં રાખવામાં આવે છે . બીજું , વેપારી બેંકે લોન દ્વારા કે જામીનગીરી ખરીદીને આપેલી રકમ એ જ બેંકમાં કે અન્ય બેંકમાં પાછી ફરે છે .

આ મુદ્દો સમજવા માટે આપણે માની લઈએ કે દેશમાં એક જ વેપારી બેંક છે . ચાલુથાપણો અની જવાબદારીઓ છે . ચાલુથાપણો સામે વેપારીબેંક

સાચવેલી રોકડઅનામત  તેમ જ લોકોને એણે આપેલું ધીરાણ  એની અસ્કામતો
છે . લોકો માત્ર ચાલુથાપણોના સ્વરૂપમાં  પોતાની  પાસે નાણું રાખે છે ;  જો
તેમને ચલણીનાણું મળે તો  તે વેપારીંબેંકમાં  પોતાના ચાલુખાતામાં  તુરત જમા
કરાવી દે છે . lનું ઇચ્છિત રોકડ  અનામત  પ્રમાણ ૧૦ ટકા છે . વેપારી
બેંક સમતુલાની સ્થિતિમાં છે ,  એટલે  કે  એની  પાસે  જરૂર કરતા  વધુ  કે
ઓછી
રોકડ  અનામત  નથી ; ઇચ્છિત  અને વાસ્તવિક રોકડઅનામતનું પ્રમાણ સરખું છે
.

સરળતાનો ખાતર ધારોકે સરકાર નવી નોટોનું સર્જન કરે ને  કોઈ એક
વ્યક્તિ અ ને આવકવેરાના રીફંડ પેટે ૧૦૦ રૂ .  આપે છે  અને અ વ્યક્તિ  એ
રકમ બેંકમાં જમા  કરાવે છે . બેંકમનું સરવૈયું  નીચે મુજબ હશે .

અસ્કામતો જવાબદારીઓ
રોકડઅનામત ૧૦૦ ચાલુ  થાપણ ૧૦૦

પાન નં ૧૪

બેંકની અસ્કામતો અન જવાબદારીઓમાં ૧૦૦ રૂ . નો વધારો થાય છે .
પરંતુ ૧૦૦ રૂ . નવી ગ્થાપણ  સામે ૧૦ રૂ . ની રોકડઅનામત પૂરતી છે .
આથી વ્યાજની આવક કરવા  માટે , ધારો  કે બેંક ક્ષ નામની વ્યક્તિને ૯૦ રૂ . ની
લોન  આપે છે ક્ષ વ્યક્તિને  તે નોટોના સ્વરૂપમાં ૯૦ રૂ . આપી  શકે છે , પણ
લોકો ચાલુ  થાપણોનો ઉપયોગ જ પસંદ  કરે છે .  તેથી બેંકમાં આ લોનને
પરિણામે ક્ષના કાતામાં ૯૦ રૂ . જમા  થશે  અને બેંકનું સરવૈયું  હવે  નીચે
મુજબ હશે .

અસ્કામતો જવાબદારીઓ
રોકજઅનામત ૧૦૦ ચાલુ  થાપણો ૧૯૦
ક્ષને લોન ૯૦ ( અ ની ૧૦૦ વત્તા ક્ષની ૯૦ )

૧૯૦ રૂ . ચાલુથાપણો  સામે ૧૯ રૂ . ની રોકડઅનામત પૂરતી ગણાય .
પણ બેંક  પાસે ૧૦૦ રૂ . ની રોકડઅનામત છે . આથઈ બેંકમાં ૧૦૦ – ૧૯
બરાબર ૮૧
રૂ . ની વધારાની રોકડઅનામત છે . ધારો  કે બેંક  હવે ય વ્યક્તિને ૮૧ રૂ . ની
લોન
આપે છે . પરિણામે બેંકના સરવૈયામાં  નીચે મુજબ ફેરફાર થશે .

અસ્કામતો જવાબદારીઓ
રોકડઅનામત ૧૦૦ અ , ક્ષ , યની ચાલુથાપણો ૨૭૧

ક્ષ અને યને ( ૧૦૦ વત્તા ૯૦ વત્તા ૮૧
આપેલી લોન ૧૭૧
( ૯૦ વત્તા ૮૧ )

હજી બેંકમાં ૭૨ . ૯૦ રૂ . ની વધારાની રોકડઅનામત છે . જો બેંક મ નામની વ્યક્તિને ૭૨ . ૯૦ રૂ . ની લોન આપી તેના ખાતામાં એ રકમ જમા મૂકે તો પણ
બેંક પાસે ૬૫ . ૬૧ રૂ . ની વધારાની * રહેશે આથી બેમક કોઈ એક
ન વ્યક્તિ ૬૫ . ૬૧ રૂ . ની લોન આપશે .

એમ કરતાં રોકડ અનામતનું અતિરિક્તપ્રમાણ ક્રમશ: ઘટતું જશે , અને ઘટીને શૂન્ય થાય ત્યારે થાપણ તેમજ લોનના વિસ્તારની પ્રક્રિયા અંત પામશે .
છેવટે બેંકથાપણોમાં એટલો વધારો થયો હશે કે જેથી બેંકે મેળવેલી નવી રોકડ –
અનામત ( ૧૦૦ રૂ ) જેટલી રોકડઅનામત રાખવાની જરૂરિયાત ઊભી થાય
અર્થત્વા રોકડઅનામત અને ઈચ્છિત * ( 10 % ) બંને

પાન નં ૧૫

સરખા થાય ત્યાકે થાપણ તેમજ લોનના વિસ્તારની પ્રક્રિયાનો અંત આવશે .
સમીકરણના સ્વરૂપમાં મૂકીએ તો ,

ઉપરના ઉદાહરણમાં બેંકથાપણોનો વધારો નવી રોકડઅનામતના ૧૦ ગણા
જેટલો થાય ત્યારે વિસ્તારની પ્રક્રિયા થંભી જશે . કારણ કે

સમતુલાની સ્થિતિમાં વેપારીબેંકના સરવૈયાનું સ્વરૂપ નીચે મુજબ હશે .

અસ્કામતો જવાબદારીઓ
* 100 ચાલુ થાપણો
કુલ લોન ૯૦૦ અ ની ૧૦૦
ક્ષને ૯૦ ક્ષ ની ૯૦
ય ને ૮૧ ય ની ૮૧
મ ને ૭૨ . ૯૦ મ ની ૭૨ . ૯૦
ન ને ૬૫ . ૬૧ ન ની ૬૫ . ૬૧
વગેરે વગેરે

અહીં , બેંકથાપણોમાં થયેલો કુલ વધારો ૧ , ૦૦૦ રૂ . છે જ્યારે બેંક –
ધીરાણમાં થયેલો કુલ વધારો ૯૦૦ રૂ . છે . એ બંનેનો તફાવત ( ૧૦૦ રૂ . )

અ
વ્યક્તિએ મૂકેલી પ્રાંરભિક થાપણ બરાબર છે . સ્પષ્ટ થાય છે કે બેંકથાપણનો
ગુણક * પ્રમામના વ્યસ્ત બરાબર હોય છે . જ્યારે બેંકધીરાણનો
ગુણક પ્રમાણના વ્યસ્ત ઓછા એક બરાબર હોય છે . ( અનુક્રમે
1 / 0 . 1 = અને ૧૦ - ૧ = 9 ) .

પાન નં ૧૬

૪ . અનેક વેપારીબેંક દ્વારા બેંકથાપણનોનું સર્જન :

દેશોમાં અનેક વેપારીબેંકો હોય અને કોઈ એક બેંક આપેલી લોનની રકમ
અન્ય બેંક કે બેંકોમાં જમા કરાવવામાં આવતી હોય તો પણ પરિણામમાં કોઈ
ફરક પડતો નથી . આ મુદ્દો પણ ઉદાહરણની મદદથી સ્પષ્ટ કરીએ

ધાકો રે વેપારી બેંકમાં ઈચ્છિત * પ્રમાણ ૧૦ ટકા છે અને
દરેક વેપારીબેંક સમતુલાની સ્થિતિમાં છે . હવે ધારો કે વ્યક્તિ અ રૂ . ૧૦૦ ની
રોકડ રકમ બેંક Aમાં જમા કરાવે છે . આથી A બેંકમાં ૯૦ રૂ . ની વધારાની
* અસ્તિત્વમાં આવે છે . આથી A બેંક ક્ષ નામની વ્યક્તિને ૯૦ રૂ . ની
લોન આપે છે . A બેંકનું સરવૈયું નીચે મુજબ હશે .

અસ્કામતો જવાબદારીઓ
રોકડ અનામત ૧૦૦ થાપણો ૧૯૦
ક્ષને લોન ૯૦ ( અ ની ૧૦૦ વત્તા ક્ષની ૯૦ )

ધારો કે ક્ષ વ્યક્તિ B બેંકની ખઆતેદાર છે . આથી તે B બેંકમાં પરોતાના
ખાતામાં ૯૦ રૂ . ચેક દ્વારા જમા કરાવે છે . B બેંક જ્યારે A બેંક પરનો
૯૦ રૂ . નો ચેક વડાવે ત્યારે A બેંક B બેંકનું સરવૈયુ નીચે મુજબ હશે .

A બેંક
અસ્કામતો જવાબદારીઓ
* 10 અ ની થાપણ ૧૦૦
ક્ષ ને લોન ૯૦

B બેંક
અસ્કામતો જવાબદારીઓ
રોકડ અનામત ૯૦ ક્ષની થાપણ ૯૦

હવે B બેંક પાસે ઈચ્છિત * કરતાં વાસ્તવિક *
૮૧ રૂ . જેટલી વધુ છે . આથી તે ય વ્યક્તિને ૮૧ રૂ . ની લોન આપશે ય વ્યક્તિ
આ રકમ પોતાની બેંક C માં મૂકે અને C બેંક B બેંમાંથી આ રકમ ઉપાડી
લે તો B બેંક અને C બેંકના સરવૈયા સ્વરૂપ નીચે મુજબ હશે .

B બેંક
અસ્કતામતો જવાબદારીઓ
* 9 ક્ષ ની થાપણ ૯૦
ય ને લોન ૮૧

પાન નં ૧૭

C બેંક
અસ્કામતો જવાબદારીઓ
રોકડ અનામતો ૮૧ ય ની થાપણ ૮૧

હવે C બેંકમાં ૭૨ . ૯૦ રૂ . ની વધારાની * છે . આથી તેટલી
રકમનું તે ધીરાણ કરશે , જે અન્ય કોઈ બેકમાં જમા થશે . આમ , * નો
પ્રારંભિર વધારો ( ૧૦૦ રૂ . ) અનેક વેપારીબેંકો વચ્ચે વહેંચાઈ જશે . દરેક
વેપારીબેંકમાં * , લોન તથા થાપણમાં થયેલો વધારો કોઠાના સ્વરૂપમાં
નીચે મુજબ દર્સાવી શકાય છે .

બેંક રોકડઅનામતમાં લોનમાં થાપણમાં
વધારો વધારો વધારો

A 10 રૂ . ૯૦ રૂ . ૧૦૦ રૂ .
B 9 રૂ . ૮૧ રૂ . ૯૦ રૂ .
C 8 . 10 રૂ . ૭૨ . ૯૦ રૂ . ૮૧ રૂ .
D 7 . 29 રૂ . ૬૫ . ૬૧ રૂ . ૭૨ . ૯૦ રૂ .

કુલ વધારો ૧૦૦ રૂ . ૯૦૦ રૂ . ૧ , ૦૦૦ રૂ .

આ ઉદાહરણમાં પણ બેંકકથાપણોનો કુલ વધારો રોકડઅનામતના પ્રારંભિક

વધારાથી દસ ગણો છે , કેમકે અહીં પણ ઈચ્છિત રોકડઅનામત પ્રમાણ ૧૦ ટકા છે .

૫ . ચલણી નાણાંનું બહિર્ગમન :

વાસ્તવમાં લોકો બધું નાણું ચાલુ થાપણોના સ્વરૂપમાં રાખતા નથી . કેટલીક ખરીદી માટે ચલણી માણું વધુ અનુકૂળ છે , આથી તેઓ કેટલુંક ચલણી
નાણું પણ રાખવાનું પસંદ કરે છે . બેંકથાપણોના વિસ્તારની પ્રક્રિયા પર લોકોની આ પસંદગીની કેવી અસર પડે છે એ તપાસીએ .

ધારો કે લોકો રૂ . દીઠ ચાલુપણની સામે ૩૦ પૈસા ચલણીનાણાંના સ્વરૂપમાં રાખવા માગે છે . અર્થાત્ ચલણીનાણું અને ચાલુથાપણોનો ગુણોત્તર ૦ . ૩ છે . આ પરિસ્થિતિમાં અ વ્યક્તિ સરકાર તરફથી મળેલી ૧૦૦ રૂ . ની રોકડ
રકમ A નામની વેપારી બેંકમાં પૂરેપૂરી મુકશે નહિ . એમાંથી ૭૭ રૂ . પોતાની



બેંકમાં ચાલુ થાપણ તરીકે મૂકશે અને ૨૩ રૂ . રોકડ સ્વરૂપમાં પોતાની પાસે
રાખશે , કારણ કે ૨૩ / ૭૭ = 0 . 3 . આથી વેપારી બેંકની જવાબદારીઓ ( થાપણો ) માં
૭૭ રૂ . નો વધારો થશે ; તેની અસ્કામતોમાં રોકડઅનામત ૭ . ૭૦ રૂ . અને લોન
૯૮ . ૩૦ રૂ . જેટલી વધશે .

ધારો કે A બેંકે ક્ષ વ્યક્તિને ૯૮ . ૩૦ ની લોન આપી છે . ક્ષ વ્યક્તિ એમાંથી લગભગ ૧૬ રૂ . ચલણીનાણાંનાં સ્વરૂપમાં રાખશે અને ૫૩ . ૩૦ રૂ . પોતાની બેંક B માં ચાલુ ખાતામાં જમા કરાવશે . આમ , દરેક તબક્કે લોન અને
થાપણમાં થતો વધારો , અગાઉની પરિસ્થિતિ જેમાં લોકો માત્ર ચાલુ થાપણોના સ્વરૂપમાં નાણું રાખે છે તેના સરખામણીમાં ઓછો છે . આછી થાપણોનો કુલ વધારો પણ અગાઉની સરખામણીમાં ઓછો હોય એ સ્વાભાવિક છે .



**૭ . મુદતી થાપણો :**

લોકો પોતાનું નાણું વેપારીબેંકોમાં ચાલુ થાપણ તરીકે અથવા મુદતી થાપણના સ્વરૂપમાં મૂકી શકે છે . ચાલુથાપણ વિનિમયના માધ્યમ તરીકે ઉપ - યોગી છે , પણ એના પર વ્યાજની આવક મળતી નથી . જ્યારે મુદતી થાપણો

પાન નં ૨૦

વિનિમયના માધ્યમ તરીકે ઉપયોગી નથી , પણ વ્યાજ આપે છે . આથી લોકો પોતાની રકમ ચાલુથાપણમાંથી ઉપાડીને મુદતી થાપણમાં મૂકે તો નાણાંના પુરવઠા પર કેવી અસર પડે છે તે જાણવું જોઈએ .

મુદતી થાપણોના અસ્તિત્વની નાણાંપુરવઠા પર બે અસરો ઉલ્લેખનીય છે .
પ્રથમ , નાણાંના પુરવઠામાં મુદતી થાપણોનો સમાવેશ થતો નથી . આથી જેટલા પ્રમાણમાં ચાલુ થાપણોનું મુદતી થાપણોમાં પરિવર્તન થાય તેટલા પ્રમાણમાં નાણાંનો પુરવઠો ઘટી જશે . બીજું , વેપારીબેંકો મુદતીથાપણો સામે રોકડઅનામત રાખે છે . અલબત્ત , ચાલુથાપણો સામે જે રોકડઅનામત પ્રમાણ રાખવામાં આવે છે એની સરખામણીમાં મુદતીથાપણો સામે રોકડઅનામત પ્રમાણ ઓછું હોય છે . તેમ છતાં , લોકો મુદતીથાપણનો અને ચાલુથાપણોનો
ચોક્કસ ગુણોત્તર જાળવી
રાખે છે એમ આપણે માની લઈએ તો બેંકથાપણના ગુણકનું મૂલ્ય ઘટી જશે .
એટલે કે ૧૦૦ રૂ . ના નાણાંસર્જનને પરિણામે સમીકરણ ( ૮ ) મુજબ
બેંકથાપણમાં
( અથવા નાણાંપુરવઠામાં ) જેટલો વધારો થાય છે એની સરખામણીમાં હવે બેંકથાપણનો વધારો ઓછો હશે .

ધારો કે વેપારીબેંકોમાં ચાલુથાપણો ( D ) સામે રોકડઅનામત પ્રમાણ ( rD )
૦ . ૧ છે ; મુદતીથાપણો ( T ) સામે રોકડઅનામત પ્રમાણ ( rT ) 0 . 05 છે .
લોકો
રૂપિયાદીઠ ચાલુથાપણ સામે ૦ . ૩ ચલણીનાણું અને ૦ . ૬ મુદતીથાપણ રાખે છે .
એટલે કે ચલણીનાણું અને ચાલુથાપણનો ગુણોત્તર ( c ' ) 0 . 3 છે , જ્યારે
મુદતી
થાપણો અને ચાલુથાપણોનો ગુણોત્તર ( t ) 0 . 6 છે . અગાઉની જેમ
વેપારીબેંકોમાં
અતિરિક્ત રોકડઅનામત પ્રમાણ ( e ) 0 . 05 છે એમ માની લઈએ તો સરકાર દ્વારા નાણાંસર્જનને પરિણામે વેપારીબેંકોની રોકડઅનામતમાં ૧૦૦ રૂ . નો વધારો થતાં ચાલુથાપણોમાં ૨૦૮ . ૩૩ રૂ . વધારો થશે .

પાન નં ૨૧

૮ . સરકારની થાપણો :

સરકાર દેશની મધ્યસ્થબેંકમાં તેમ જ વેપારીબેકોમાં પોતાની થાપણો મૂકે છે . પણ નાણાંના પુરવઠામાં સરકારની થાપણોનો સમાવેશ થતો નથી , માત્ર લોકોનાં ચલનીનાણાં અને લોકોની ચાલુથાપણોનો સમાવેશ થાય છે . આથી લોકો જ્યારે કરવેરાની ચુકવણી કરે ત્યારે વેપારીબેંકોમાં લોકોની ચાલુથાપણો ઘટે છે અને સરકારની થાપણો વધે છે . પરિણામે થાપણોનું કુલ પ્રમાણ યથાવત્ રહે છે . પણ જેટલા પ્રમાણમાં લોકોની ચાલુ થાપણો સરકારની માલિકી હેઠળ આવે છે તેટલા પ્રમાણમાં નાણાંનો પુરવઠો ઘટે છે . જો સરકાર પોતાની થાપણો વેપારીબેકોમાંથી ઉપાડી મધ્યસ્થ બેંકમાં મૂકે તો તેટલે અંશે વેપારીબેંકોમી થાપણોમાં અવશ્ય ઘટાડો થશે .

ધારો કે સરકારની થાપણો ( G ) સામે પણ વેપારીબેકોં ચોક્કસ રોકડ - અનામત પ્રમાણ ( rG ) રાખે છે અને સરકારની થાપણો અને લોકોની ચાલુ - થાપણો વચ્ચે ચોક્કસ ગુણોત્તર ( g ) છે . આથી નાણાંસર્જનને પરિણામે વેપારી બેંકોમાં ૧૦૦ રૂ . નો વધારો થતાં સમીકરણ ( ૯ ) મુજબ ચાલુથાપણ ( અને તેથી નાણાંની પુરવઠામાં ) જેટલો વધારો થાય છે એની સરખામણીમાં હવે બેંકથાપણનો વધારો ઓછો હશે .

પાન નં ૨૩

**૧૧ . નાણાંપુરવઠાનો ગુણક :**

નાણાંપુરવઠાના સમીકરણમાં છેદમાં દર્શાવવામાં આવેલાં ઘટકો ( C ' , rD , e , rTt , rGg ) અર્થતંત્રના ચાર ક્ષેત્રોના નિર્ણયો અને પ્રવૃત્તિઓની અભિ - વ્યક્તિ છે : ( ૧ ) વ્યક્તિઓ કે કુટુંબો અને ખાનગી પેઢીઓ , ( ૨ ) વેપારીબેંકો ,
( ૩ ) મધ્યસ્થ બેંક અને ( ૪ ) સરકાર .

દા . ત . , વ્યક્તિઓ કે કુટુંબો અને પેઢીઓના નિર્ણયો દ્વારા ચલણીનાણું અને ચાલુથાપણોનો ગુણોત્તર ( c ' ) તેમજ મુદતી થાપણ અને ચાલુથાપણોનો ગુણોત્તર ( t ) નક્કી થાય છે . ચાલુથાપણ તેમ જ મુદતીથાપણ સામે વેપારી બેંકોમાં
લઘુત્તમ રોકડઅનામત પ્રમાણ ( rD અને rT ) નક્કી કરવાની સત્તા મધ્યસ્થબેંક પાસે છે , જ્યારે અતિરિક્ત રોકડ અનામત પ્રમાણ ( e ) વેપારીબેંકો પોતે નક્કી

કરે છે . સરકારની થાપણો અને ખાનગી ચાલુથાપણોનો ગુણોત્તર ( g ) ટ્રેઝરી દ્વારા નક્કી થાય છે .

જો નાણાંપુરવઠાનો પાયો સ્થિર હોય તો , નાણાંપુરવઠાના ગુણકમાં વધારો થતાં નાણાંને પુરવઠો વધી જશે અને નાણાંપુરવઠાના ગુણકમાં ઘટાડો થતાં નાણાંનો



પુરવઠો ઘટી જશે . વાસ્તવમાં c ' , e , t , અને g સ્થિર નથી . ગદા . ત . , વેપારી સંજોગો બદલાય કે વ્યાજના દરમાં ફેરફાર થાય તો c ' અને t માં ફેરફાર થશે . વ્યાજના દરમાં થતા ફેરફારની e પર પણ અસર પડે છે . વેપારી બેંકોમાં લોકોને કેટલો વિશ્વાસ છે એ હકીકતની પણ c ' અને e પર અસર પડે છે અને સર - કારની આવક અને તેના ખર્ચના ઋતુગત ફેરફારોની g પર અસર પડે છે . મધ્યસ્થબેંક આદેશાત્મક કાયદા દ્વારા rD અને rT માં ફેરફાર કરે છે : પણ એ ફેરફાર નજીવા પ્રમાણમાં અને જવલ્લે જ કરવામાં આવે છે .

*

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -
-